-: વેચાણદસ્તાવેજ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) ના હાલના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના રેવન્યુ સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ની અનુક્રમે ક્ષેત્રફળ, ૬૬૭૭, ૬૬૭૮ તથા ૬૬૭૭ સમચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. જમીન ટી.પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ સ.ચો.મી. બીનખેતીની જમીન ઉપર **''ઓમકાર એલીગન્સ''** એ નામની યોજનામાં આવેલ મીલકતનો વેચાણ દસ્તાવેજ **રૂા,...................../–** **અંકે રૂપીયા .... પુરાનો.**

<u>લખીઆપનાર :–</u> **''ઓમકાર ડેવલોપર્સ''**
પાનકાર્ડ નંબર :– **AAFFO9965R**
એ નામની ભાગીદારી પેઢી કે જેની રજીસ્ટર્ડ ઓફીસ, ગેલેક્ષી કોરલ બંગલોઝ સામે, દુન સ્કુલની પાસે, વસ્ત્રાલ, અમદાવાદ મુકામે આવેલી છે.

PR/GJ/AHMEDABAD/______________________________________

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં અમો અગર લખીઆપનાર ભાગીદારી પેઢી એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં અમો લખીઆપનાર ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો, તથા તેમના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણાશે.

<u>લખાવીલેનાર :–</u> ....
પાનકાર્ડ નંબર :–
ઉ. આ. વ. .... રહેવાસી, **ફલેટ/દુકાન નં,............. ''ઓમકાર એલીગન્સ''** ગેલેક્ષી કોરલ બંગલોઝ સામે, દુન સ્કુલની પાસે, વસ્ત્રાલ, અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં તમો અગર લખાવીલેનાર એ રીતે સંબોધવામાં આવશે જે શબ્દના અર્થમાં તમો લખાવીલેનાર સભાસદનો તથા તમારા વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમી નીસ્ટ્રેટરો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણાશે.

(૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) ના હાલના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના રેવન્યુ સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ની અનુક્રમે ક્ષેત્રફળ, ૬૬૭૭, ૬૬૭૮ તથા ૬૬૭૭ સમચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. જમીન ટી.પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ સ.ચો.મી. બીનખેતીની જમીન ઉપર **''ઓમકાર એલીગન્સ''** એ નામની યોજના આવેલી છે.

(૨) મજકુર સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ની અનુક્રમે ક્ષેત્રફળ ૬૬૭૭, ૬૬૭૮ તથા ૬૬૭૭ સમચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. જમીન ટી.પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન ફાળવવામાં આવેલી.

(૩) મજકુર સદરહુ ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીનમાં કુલ ચાર સબ પ્લોટોની મંજુરી અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા તેમના કેસ નં, એલ.ટી.એસ./ઈઝેડ/૦૧૦૨૧૭/ જી.ડી.આર/ એ.૭૯૭૯/ એમ.૧, રજાચીઠ્ઠી નં,૮૨૧૧/૦૧૦૨૧૭/એ.૭૯૭૯/એમ.૧, થી તા,૦૧/૦૪/૨૦૧૭ ના રોજ આપવામાં આવેલી છે અને તે મુજબ સબ પ્લોટ નં, ૧ ક્ષેત્રફળ, ૨૫૦૮ ચો.મી. તથા સબ પ્લોટ નં, ૨ ક્ષેત્રફળ, ૩૧૮૮

ચો.મી તથા સબ પ્લોટ નં, ૩ ક્ષેત્રફળ, ૩૦૮૬ ચો.મી. તથા સબ પ્લોટ નં, ૪ ક્ષેત્રફળ, ૨૪૬૩ ચો.મી. જમીન નકકી કરવામાં આવેલી.

(૪) ત્યારબાદ સદરહુ સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીનમાં રહેણાંક વાણીજય તથા શૌક્ષણીક હેતુ માટે બીનખેતીની મંજુરી મે. કલેકટરશ્રી અમદાવાદના હુકમ નં, સી.બી./જમીન–૩/ બીનખેતી/વસ્ત્રાલ/સ.નં./બ્લોક નં,૮૧૬/૧, ૮૧૬/૨, ૮૧૬/૩ એસ.આર. ૧૫૩૬/૧૬ થી તા,૦૩/૦૩/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલી અને જેની બીનખેતીના હુકમની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નં, ૯૦૯૮ થી તા,૨૨–૦૩–૨૦૧૮ ના રોજ કરવામાં આવેલી.

(૫) ત્યારબાદ મજકુર સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, ૮૧૬/૩ ના અનુક્રમે ક્ષેત્રફળ, ૬૬૭૭, ૬૬૭૮, તથા ૬૬૭૭ ની મળી કુલ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. ટી. પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન ફાળવવામાં આવેલી અને જે જમીનમાં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા તા,૦૧–૦૪–૨૦૧૭ ના રોજ મંજુર કરવામાં આવેલ સબ પ્લોટોના પ્લાન મુજબ સબ પ્લોટ નં, ૧ ક્ષેત્રફળ ૨૫૦૮ ચો.મી. બીનખેતીની જમીન સોનલબેન તે દેવચંદભાઈ કાબરીયાની પુત્રી અને અમીતભાઈ બાબુભાઈ પટેલની પત્નિના કબજા ભોગવટામાં માલીકી હકકે આવેલી અને તેઓની પાસેથી સદરહુ જમીન અમો લખીઆપનારે તા,૦૧–૧૧–૨૦૧૮ ના રોજ વેચાણ રાખેલી અને તે અંગેનો વેચાણ દસ્તાવેજ તેજ તારીખે અમદાવાદ–૧૨ (નીકોલ) ના મે. સબ. રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નં, ૨૦૪૩૭ થી નોંધવામાં આવેલો અને જેની વેચાણ નોંધ રેકર્ડ દફતરે નોંધ નં, ૯૪૭૯ થી તા,૦૬–૧૧–૨૦૧૮ ના રોજ કરવામાં આવેલી અને જે નોંધ પ્રમાણીત થયેલ છે.

(૬) ત્યારાદ સદરહુ ફા. પ્લોટ નં, ૫૫ ની કુલ ૧૧૨૪૫ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ ચો.મી. બીનખેતીની જમીનમાં રહેણાંક તથા વાણીજય ના હેતુ માટેના અલગ અલગ માપ સાઈઝના બાંધકામના પ્લાન તથા તેની રજાચીઠ્ઠીના નંબરો નીચે મુજબ આપવામાં આવેલી છે.

(1) 01286/301018/A0585/R0/M1 dt, 06-03-2019
(2) 01287/301018/A0586/R0/M1 dt, 06-03-2019

(3) 01289/301018/A0587/R0/M1 dt, 06-03-2019

એ રીતેની રજાચીઠ્ઠી મુજબના પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા તા,૦૬–૦૩–૨૦૧૯ ના રોજ મંજુર કરવામાં આવેલા અને જેની રૂઈએ સદરહુ જમીનમાં અમો લખીઆપનાર ધ્વારા **"ઓમકાર એલીગન્સ"** એ નામથી બાંધકામ કરવામાં આવેલ છે. અને જે પ્રોજેકટની નોંધણી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈઓ હેઠળ નોંધણી નં, **PR/GJ/AHMEDABAD/** ____________________________________ થી તા,..../૦૫/૨૦૧૯ ના રોજ થયેલી છે.

(૭) ત્યારબાદ સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં તેના સ્પેસીફીકેશન તથા પ્લાન મુંજબનું બાંધકામ જોઈ તપાસી અને સદરહુ જમીનના રાઈટ ટાઈટલ્સ અંગેની ખાત્રી કર્યા બાદ તમો લખાવીલેનારે સદરહુ યોજનામાં જરૂરી જમીન ફાળા, બાંધકામ ફાળા, સભ્ય ફી, વીગેરે રકમો ભરતા તેમાં આવેલ તેમાં આવેલ **બ્લોક નં, ... ના .... (પ્લાન મુજબ .... ફલોરનો) ફલેટ/દુકાન નં, ... ના .... ચો.મી. કારપેટ એરિયા .... ચો.મી. વોશ એરિયા તથા .... ચો.મી. બાલ્કની એરિયા મળી કુલ, ... ચો.મી. બીલ્ટપ એરિયાના ના બાંધકામ તથા સબ પ્લોટ નં, ૧ ની જમીનમાં બાંધકામના પ્રમાણમાં સ્કીમના રોડ–રસ્તા અને કોમન પ્લોટની વરાડે જમીનમાં વણ વહેંચાયેલ .... ચો.મી.**ના હકકો સહીતની મીલકત અમો લખીઆપનારે નીચેની શરતોને આધીન આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી તમારા ખાલી અને પ્રત્યક્ષ કબજે માલિકી હકકે સોંપી છે જેની શરતો......

(એ) સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં જે કોમન ફેસેલીટીઝ આવેલી છે તેમજ સદરહુ યોજનામાં આવેલ ખુલ્લી જમીન તથા કોમન પ્લોટ, પાર્કીંગ એરિયા, ગાર્ડન સી.સી.ટી.વી સીડી, લીફટ, પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ, પાણીની પાઈપલાઈન, પાણીના મીટર, કોમન પેસેજ, ગટર લાઈન, સુએઝ લાઈન, ગેસ લાઈન, તથા ઈલે. લાઈન, ટેલીફોન લાઈન વીગેરે ફલેટો તથા દુકાનોમાં લાવવા લઈજવાની કોમન વ્યવસ્થા, બગીચો, કોમન લાઈટો, લીફટ, બોર, મારજીન, જમીન વીગેરે તમામ સુવીધાઓ સહીયારી રીતે વાપરવાનો હક સુખાધીકાર તથા બાંધકામના કોમન સ્લેબો અને ઉભા કોમન પીલર્સ, બીલ્ડીંગના પાયાનું બાધકામ તથા બીલ્ડીંગમાની અન્ય સહ વપરાશની વસ્તુઓમાં વગર

વહેંચાયેલો વરાડે પડતો હકક અન્ય યુનીટ ધારકો સાથે સહીયારામાં ઉપયોગ કરવાનો વપરાશી હકક તમો વેચાણ લેનારને આપેલો છે અમો વેચાણ આપનારે તમો વેચાણલેનારને આ વેચાણ દસ્તાવેજથી કોમન મીલકતનો પ્રત્યક્ષ કબજો સોંપેલ નથી.

(બી) સદરહુ **''ઓમકાર એલીગન્સ''** નામની યોજનામાં ફલેટો/દુકાનો ખરીદનારા અંગે ભવિષ્યમાં સર્વીસ સોસાયટી તરફથી કોમન ખર્ચ અંગે જે માસીક કે વાર્ષીક કે અન્ય મુદતી કે અન્ય સ્વરૂપનો કે વહીવટી ફાળો, લેવાનો નકકી થાય તે ફાળાની રકમ તેમજ સદરહુ મીલકતનું વાર્ષીક મેઈન્ટેનન્સ વીગેરે માટે જે નકકી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે. જો તે નીયમીત ચુકવવામાં ચુક કે વીલંબ કરશે તો કોમન સુવીધાઓ વાપરવાનો હક જે તે સભ્ય ગુમાવશે અને આવો એસોસીએશન/સોસાયટી વીગેરે તેમણે પાણી, લીફટ, પાર્કીંગ, સેલરપાર્કિંગ, તથા દરેક કોમન એમેનીટીઝ વીગેરે તમામ પ્રકારની કોમન સુવીધાઓ વાપરતા અટકાવી શકશે. અને ત્યારે તે સામે વેચાણ લેનાર કોઈજ વાંધો લઈ શકશે નહી અથવા તેવી ચુક બદલ મેઈન્ટેનન્સ/ સોસાયટી/ એસોસીએશન/ ધ્વારા જે તે દંડ, તથા મેઈન્ટેનન્સની રકમ નકકી કરવામાં આવે તે વેચાણ લેનારે વીના વીલંબે ભરવાની રહેશે.

(સી) સદરહુ મીલકત તમો લખાવીલેનાર તથા તમારા વંશ, વાલી, વારસો એસાઈનીઓ, સકસેસરો, ઉત્તરાધિકારીઓ, ઈત્યાદી તમામ કાયદાકીય જોગવાઈને આધિન ચાંદો સુરજ તપે ત્યાં સુંધી જે હેતુસર પ્લાન પાસ થયા હોય તે હેતુસર ભોગવો, વસો, વસાવો, વેચો, સાટો, ગીરો, કે બક્ષીસ, વીગેરે માત્ર પોતાની અંગત જવાબદારીથી આપવા માટે હકકદાર છે. બીલ્ડીંગની સહીયારી જમીનમાંપણ તમો વેચાણ લેનારનો વગર વહેંચાયેલો વરાડેપડતો વપરાશી હકક રહેશે.

(ડી) સદરહુ બિલ્ડીંગમાં જે તે મીલકત ધારકો કબજો લેશે ત્યારે તેમજ તે પછી અગર પહેલા વેચાણ આપનાર જણાવે ત્યારથી મીલકત ધારકોએ યોજનાનું મેઈન્ટેનન્સ આપવાનું રહેશે. તથા સદરહુ મીલકત તથા બિલ્ડીંગમાં લાઈટ કનેકશન અંગે ટોરેન્ટ પાવરમાં જે કોઈ રકમ વીજળી વપરાશ સારૂ ભરી હોય કે ભરવી પડે તે વેચાણ લેનારે ચુકવવાની રહેશે. પ્લાનીંગ તથા એ.એમ.સી./ઔ.ડા.માં બાંધકામના પ્લાન પાસ કરાવવા કે નીયમીત કરાવવા માટે જે કોઈ રકમ ભરેલી હોય અને તે ઉપરાંત જે ખર્ચ કરેલો હોય તે વેચાણ લેનારે વરાડે પડતો ચુકવવાનો રહેશે.

(ઈ) તમો વેચાણ લેનારે સદરહુ મીલકતનો કબજો મળેથી તે મીલકત અંગેના કરવેરાઓ, લાઈટબીલ, મેઈન્ટેનન્સ ખર્ચ, અને બીજીસેવાઓના ખર્ચાઓ જેવાકે, સબ મર્શીબલ પંપ, લીફટો, સ્ટ્રીટ લાઈટ, પાર્કીગ લાઈટો, અન્ડર ગ્રાઉન્ડ ટેન્ક, તથા ઓવર હેડ ટેંકમાં પાણી ભરવાના ઈલે. પંપો પ્રેસર પંપ, સીડી, પેસેજ, સેલરપાર્કિગ, તથા પાર્કીગનું મેઈન્ટેનન્સ, સીકયોરીટી ખર્ચ, તથા અન્ય કોમન સેવાઓ, ખર્ચાઓ ચુકવવા બંધાયેલા છીએ. આ રકમ ચુકવવા અંગેની જાણકારી તમો લખાવીલેનારે જાતે જગ્યા ઉપર આવીને મેળવી છે તે માટે પત્ર વહેવાર કરી જાણકારી આપવા અમો વેચાણ આપનાર બંધાયેલા નથી.

(એફ) આ વેચાણ દસ્તાવેજમાં કઈપણ લખ્યુહોય તેનાથી તમો વેચાણ લેનારને સદરહુ મીલકત અને સદરહુ જમીનમાંના વગર વહેંચાયેલા વરાડે પડતા હકકો સીવાય કે સદરહુ બિલ્ડીંગમાના અન્ય ફલેટો તથા દુકાનો પાર્કીગ પ્લેસ, સેલર, ધાબામાં કે બિલ્ડીંગના અન્ય ભાગોમાં કોઈપણ પ્રકારનું સ્વતંત્ર હક કે હીત આપવામાં આવેલ નથી. કે ઉત્પન્ન થયેલ નથી. પરંતુ તમોને ફાળવેલ ઉપરદલના બાંધકામની માલીકી તમો લખાવીલેનારની રહેશે. અને સ્કીમની રોડ–રસ્તા, કોમન પ્લોટ, ગાર્ડન, પાર્કીગ વીગેરેની જમીનમાં બાંધકામના પ્રમાણમાં વણવહેંચાયેલ હકકો પ્રાપ્ત થયેલા ગણશે જેની અલગથી કકડાવાર વહેંચણી થઈ શકશે નહી.

(જી) સદરહુ **''ઓમકાર એલીગન્સ''** એ નામની યોજનામાં તમો લખાવીલેનારને ફાળવેલ યુનીટની જાળવણી જે તે સભાસદે કરવાની રહેશે તથા સદરહુ મીલકતની જગ્યામાં કોઈ સ્ફોટક પદાર્થ કે કાયદાથી મનાઈ ફરમાવેલ કોઈપણ પ્રકારની ચીજ–વસ્તુ લાવશે કે રાખશે નહી તેમજ સદરહુ બીલ્ડીંગમાં ન્યુશન્સ રૂપ બને તેવુ કોઈ કૃત્ય વાણી–વર્તન વહેવાર તમો લખાવીલેનારે અન્ય સભાસદ સાથે કરવાનો નથી. તેમજ સદરહુ મીલકતનો ઉપયોગ અસામાજીક પ્રવૃત્તિ માટે કરવાનો નથી. તેમજ વેચાણ લેનારને જે હેતુમાટે સદરહુ મીલકત આપવામાં આવેલ છે તે સીવાય અન્ય હેતુ માટે તેનો ઉપયોગ કરી શકશે નહી. કે વેચાણ લેનારે ફલેટોનો માત્ર રહેણાંકના હેતુ માટેજ ઉપયોગ કરવાનો રહેશે. તેનો વેપારી, ધાર્મીક, ઔધોગીક, વ્યાવસાઈક, શૈક્ષણીક જેવો અન્ય ઉપયોગ કરી શકાશે નહી.

(એચ) તમો લખાવીલેનારને ફાળવેલ યુનીટના બહારના એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર, રંગ–રોગાન કે તોડ–ફોડ, સુધારા–વધારા કરવાના નથી ઉપરાંત બિલ્ડીંગની મારજીનની જમીન, પેસેજ કે પાકીગ, કોરીડોર વીગેરેમાં કોઈપણ પ્રકારનું કાચુ–પાકુ બાંધકામ વેચાણ લેનારે

કરવાનું નથી.

(આઈ) સદરહુ તમો લખાવીલેનારને ફાળવેલ મીલકત બાબતે બીલ્ટપ એરિયા (બાકલની તથા વોશ એરિયા સહીતનો એરિયા) તેમજ કારપેટ એરિયા (દીવાલોની અંદરનો એરિયા) નો તફાવત વેચાણ લેનારે સમજી લીધેલ છે અને તમો લખાવીલેનાર સભાસદને ફાળવેલ બીલ્ટપ તથા કારપેટ એરિયા તમો લખાવીલેનરે સ્થળઉપર ચકાસી લીધેલ છે અને તેથી તે બાબતે વેચાણ લેનારે તે બાબતે કોઈપણ જાતની વાંધો–તકરાર કરવા કરાવવાની રહેતી નથી.

(જે) એ.એમ.સી./ઔ.ડા. ધ્વારા મંજુર કરાવેલ પ્લાન રજાચીઠ્ઠી વેચાણ લેનારે જોઈ તપાસી લીધેલ છે અને તે અંગે કોઈપણ વાંધો કે તકરાર કરવાની રહેતી નથી અને જો તેવી કોઈ તકરાર કરે તો તે રદ્દ બાતલ અને નીરર્થક ગણાશે અને તે અનુસાર સદરહુ મીલકતનું બાંધકામ કરવામાં કરેલ છે અને જો કોઈ સંજોગોમાં તેમાં ફેરફાર કરવાની જરૂરીયાત પડે તો લખીઆપનાર રીવાઈઝડ પ્લાન મંજુર કરવાના હકદાર છે અને તેમ છતા વેચાણ આપવાની નકકી કરેલ સદરહુ મીલકતની સામાન્ય સાઈઝ અને સીચ્યુએશનમાં ફેરફાર થાય તો તે વેચાણ લેનારને બંધનકર્તા રહેશે તેમજ સ્પેસીફીકેશનમાં સુધારો–વધારો કરવાનો થાય અને તેના કારણે વધારાનો ખર્ચ થાય તો તે ખર્ચ પણ વેચાણ લેનારે અલગથી આપવાના રહેશે.

(કે) વધુમાં અમો લખીઆપનાર આથી જાહેર કરીએ છીએ કે, સદરહુ જમીન આવેલ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં આજની તારીખે કુલ પરમીશેબલ ફલોર સ્પેશ ઈન્ડેક્ષ (એફ.એસ.આઈ.) ૬૭૭૧.૬૦ ચો.મી. છે. અને જે ભવિષ્યમાં જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન (જી.ડી.સી.આર.) ની વીવીધ યોજનાઓમાં ફેરફાર થાય અને એફ.એસ.આઈ. અંગે પ્રોત્સાહીત યોજના અમલમાં આવેલ અગર યોગ્ય પ્રીમીયમની રકમની ચુકવણી કરી વધુ એફ.એસ.આઈ. મળવાપાત્ર છે/હશે તો અને જો તે સદરહુ યોજનાને લાગુ પડશે તો હાલમાં અમો લખીઆપનારે સદરહુ જમીન પૈકી ૬૭૬૨.૧૬ ચો.મી. ફલોર સ્પેશ ઈન્ડેક્ષ (એફ.એસ.આઈ) સદરહુ યોજનાના વિકાસ માટે જાહેર કરેલ છે અને હાલની જે હાલની ઉપલબ્ધ એફ.એસ.આઈ. મુજબ સદરહુ યોજનાનો વિકાસ થઈ રહેલ છે.

(એલ) સદરહુ પરીશીષ્ટમાં વર્ણવેલી મીલકત તેના તમામ રાઈટ ટાઈટલ્સ અંગેની ખાત્રી કર્યા બાદ તથા સદરહુ મીલકતમાં કરવામાં આવેલ તમામ

બાંધકામ જોઈ તપાસી તે અંગેની ચકાસણી તમો લખાવીલેનારે જાતે કર્યા બાદજ અમો લખીઆપનાર પાસેથી સદરહુ મીલકત વેચાણ રાખેલ છે અને તે બાબતેની કોઈ તકરાર તમો લખાવીલેનારે અમો લખીઆપનાર કે કન્ફકર્મીંગપાર્ટીવાલા સમક્ષ કરવાની નથી.

(એમ) સદરહુ **''ઓમકાર એલીગન્સ''** એ નામની યોજનામાં સભાસદો માટે બેઝમેન્ટમાં ૧૭૦૮.૦૧ ચો.મી. તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ૯૭૦.૯૦ ચો.મી. ખુલ્લા પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તેમજ કોઈપણ સભ્યને એલોટેડ પાર્કીંગ ફાળવેલ નથી કે ગેરેજ પાર્કીંગ અલગથી આપવામાં આવેલ નથી તેમજ સદરહુ યોજનાના દરેક સભાસદે વહેલા તે પહેલાના ધોરણે પોતાના વાહનો વહેલા તે પહેલાના ધોરણે શીસ્તતા પૂર્વક પાર્ક કરવાના રહેશે સદરહુ યોજનામાં આવેલ તમામ પાર્કીંગ કોમન છે બેઝમેન્ટ કોમન આવેલ છે સદરહુ યોજનામાં આવનાર સભાસદ સીવાયના અન્ય વીઝીટર્સે તેમના વાહનો સોસાયટીના કંપાઉન્ડની બહાર શીસ્તનતા પૂર્વક પાર્ક કરવાના રહેશે. તેમજ સદરહુ યોજનામાં જે તે દુકાન ધારકોએ પોત–પોતાના વાહનો દુકાનની આગળ આવેલ મારજીનની જમીનમાં પાર્ક કરવાના રહેશે. તેમજ દુકાન ધારકો કે વીઝીટર્સ પોતાના વાહનો સોસાયટીની કંપાઉન્ડની અંદર કે બેઝમેન્ટમાં પાર્ક કરી શકશે નહી.

(એન) સદરહુ યોજના કાયમ માટે **''ઓમકાર એલીગન્સ''** એ નામથી ઓળખાશે તે બિલ્ડીંગના નામમાં કોઈપણ ફેરફાર કરવાનો રહેશે નહી.

(ઓ) સદરહુ મીલકત તમો લખાવીલેનારે કોઈપણ પ્રકારે કોઈને ટ્રાન્સફર કરવી હશે તો મીલકત ધારકે ભવિષ્યમાં રચાનાર સર્વીસ સોસાયટીની પૂર્વ મંજુરી (એન.ઓ.સી) મેળવવાની રહેશે તથા જરૂરી સોસાયટી/એસોસીએશન વખતો વખતના ધારા–ધોરણ અને નિતિ–નિયમોને આધીન જે કાંઈ નકકી થયેલ હોય તે મુજબ ટ્રાન્સફર ફી ચુકવવાની રહેશે. અને જો પૂર્વ મંજુરી મેળવેલ ન હોયતો તે ટ્રાન્સ્ફરીને તેવી મીલકતનો કબજો તમો વેચાણ લેનારે સોંપવાનો નથી કે ટ્રાન્સફર કરવાનો નથી. તેમજ સદરહુ મીલકત તમો લખાવીલેનાર ભવિષ્યમાં ભાડે આપો તો ભાડુવાતની યોગ્ય ખાત્રી કરીને સદરહુ મીલકત ભાડે આપવાની રહેશે તેમજ ભાડુઆતે સોસાયટીના અન્ય સભ્યો, બિલ્ડીંગના કામદારો–મેનેજમેન્ટ સાથે કોઈપણ પ્રકારની તકરાર કરવાની નથી કે સદરહુ સોસાયટીમાં ન્યુશન્સ રૂપ બને તેવો કોઈ વાણી–વહેવાર કે ધંધો–વ્યવસાય કરવાના નથી તેમજ તમો લખાવીલેનારે ભાડે આપેલ ભાડુઆતની જાણ સરકારશ્રીના નીયમો મુજબ લાગતા–વળગતા પોલીસ

સ્ટેશનમાં કરવાની જવાબદારી તમો લખાવીલેનારની રહેશે.

(પી) સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં બાંધવામાં આવેલ ફલેટો પૈકી ટોપ ફલોરની ઉપર આવેલ ખુલ્લુ ધાબુ તમામ ફલેટ હોલ્ડરોનું સહીયારૂ રહેશે તેમાં કોઈપણ ફલેટ હોલ્ડર કોઈપણ પ્રકારે દબાણ કે બાંધકામ કરી શકશે નહી તેમજ ધાબામાં દુકાન હોલ્ડરોનો કોઈ હકક હીસ્સો ગણાશે નહી. સદરહુ યોજનાના મંજુર કરવામાં આવેલ પ્લાનમાં ઈલે. સબ સ્ટેશન આપવામાં આવેલ છે તે સબ સ્ટેશન અંગેની જમીન બાબતેનો લેખ નીયમો અનુસાર ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણમાં વેચાણ આપનાર ધ્વારા કરી આપવામાં આવશે જે સદર યોજનાના તમામ સભાસદોને આપોઆપ કબુલ, મંજુર ગણાશે.

(કયુ) સદરહુ **'ઓમકાર એલીગન્સ"** એ યોજનામાં લીફટ તથા ફાયર સેફટીની સુવિધા આપવામાં આવેલ છે અને જે અંગેની પરવાનગી તા,.................... ના રોજ અમો લખીઆપનાર ધ્વારા મેળવવામાં આવેલી છે તેમજ લીફટ તથા ફાયર સેફટી બંનેની હર—હંમેશ જાળવણી તથા સાર—સંભાળ તમો લખાવીલેનારે તથા સોસાયટીના અન્ય સભાસદોએ ભેગા મળીને કરવાની રહેશે. ભવિષ્યમાં કોઈ દુર્ઘટનાના પ્રસંગે તેવા લીફટ કે ફાયર સેફટી માટેના કોઈ ઈકવીપમેન્ટસ કામ ન કરતા જણાય તો તે અંગે તમો લખાવીલેનાર તથા અન્ય સભાસદો અમો લખીઆપનારને તે માટે જવાબદાર ઠરાવી શકશો નહી.

(આર) **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં સદરહુ યુનિટનો કબજો લખાવીલેનારને સોંપવામાં આવે ત્યારથી વર્ષ ૫ (પાંચ) દરમ્યાન જો લખાવીલેનારને સદરહુ યુનિટ અગર તેના બીલ્ડીંગના ફકત સ્ટ્રકચરર બાંધકામમાં કોઈ ક્ષતી અગર ખામી જણાય અગર સદરહુ યોજનાની જનરલ સેવામાં ચુક જણાય તો તેની લેખીત જાણ લખીઆપનારને કરવાની રહેશે અને તેવી લેખીત જાણ લખીઆપનારને મળેથી લખીઆપનાર જયાં શકય હોય તે તમામ જયાએ સ્વખર્ચે તેવી ખામીઓ સુધારો કરી આપવાનો રહેશે અને જો આવી ખામીઓ સુધારવી શકય ન હોય તો એકબીજાની અનુકુળ તા મુજબ તે પ્રશ્નોનો ખાનગીમાં યોગ્ય નિકાલ કરાશે. પરંતુ તેવી બાંધકામની ક્ષતી અગર ખામી લખીઆપનારની નીયંત્રણ બહારના સંજોગોના કારણે કે કુદરતી આફતોના કારણે, કારીગરીની ખામીઓના કારણે, અગર લખાવીલેનાર, તેના કારીગરો, સભ્યો વીગેરેના વપરાશ/ઉપયોગની ભુલના કારણે કોઈ ખામી અગર ક્ષતી થયેલ હોય તો

લખીઆપનાર તેવી ખામી અગર ક્ષતી દુર કરી આપવા, સુધારો કરી આપવા કે વળતર આપવા બંધાયેલા રહેશે નહિ.

(એસ) સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં **RERA** ઓથોરીટી સમક્ષ પુરી પાડેલી માહિતિ અનુસારની કોમન એમેનીટીઝ, ફેસેલીટીઝ, તથા સ્પેસીફીકેશન રાખવામાં આવેલ છે જે કોમન એમેનીટીઝ તથા સ્પેસીફીકેશનનો તમામ સભાસદોએ સર્વીસ સોસાયટીના નિતિ નીયમો અનુસાર તેમજ સર્વીસ સોસાયટીના નીયમોને આધિન સહીયારા ઉપયોગ/ઉપભોગ કરવાનો રહેશે. તેમજ તેવી કોમન એમેનીટીઝના કોમન મેન્ટેટન્સ માટે સર્વીસ સોસાયટીના વખતો વખત જે વ્યવસ્થા નકકી કરવામાં આવે તે તમામ સભાસદોએ સહીયારા કરવામના રહેશે.

(ડી) સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં સ્કીમના બાંધકામ બાબતે કે તેમાં આપવામાં આવેલ એમેનીટીઝ, ફેસેલીટીઝ કે કોમન સગવડો બાબતે કે બાંધકામની ગુણવતતા કે સદરહુ સ્કીમના તમામ યુનિટોના વેચાણ પૂર્ણ થયેથી કરવામાં આવનાર વહીવટ બાબતે કોઈપણ પ્રકારની વાંધા, તકરાર ઉપસ્થીત થાય તો તેનો નીકાલ વાટાઘાટોથી કરવાનું રહેશે તેમછતાં જો નીરાકરણ ન આવે તો જે તે પક્ષકાર રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એકટ તથા નીયમોને આધિન સ્થપાયેલ ધી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી અગર સક્ષમ અધિકારી અગર એપેલેટ ટ્રીબ્યુનલ ધ્વારા લેવાનો રહેશે.

(યુ) સદરહુ **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનાની કોમન જમીન જેવીકે, રોડ–રસ્તા, કોમન પ્લોટ, ગાર્ડન, વીગેરેની જમીનની માલીકી સર્વીસ સોસાયટી (સ્કીમના દરેક સભ્યેની) રહેશે અને જેની કકડાવાર વહેંચણી અલગથી થઈ શકશે નહી.

(વી) સદરહુ યુનિટના કાર્પેટ એરિયાનું ક્ષેત્રફળ અમો લખીઆપનારે ચકાસેલ છે અને તે મુજબનું બાંધકામ થયા બાદ બી.યુ. પરમીશન મેળવ્યા બાદ તેવા કારપેટ એરિયાનું ક્ષેત્રફળ લખાવીલેનારને મેળવી આપવાનું રહેશે અગર તેવા કારપેટ એરિયાના ક્ષેત્રફળમાં ૩ % (ત્રણ ટકા) થી વધારે વધઘટ હોય તો તેની જાણ લખાવીલેનારને કરવાની રહેશે અને બંને પક્ષકારો ધ્વારા કારપેટ એરિયાની સંયુકત રીતે ફેરમાપણી કરવાની રહેશે અને તેવી ફેરમાપણી દરમ્યાન જો સદરહુ યુનિટના નકકી કરેલ કારપેટ એરિયા કરતા ક્ષેત્રફળ ઓછુ થાય તો તેવા ઓછા ક્ષેત્રફળની વરાડે પડતી રકમ લખાવીલેનાર ધ્વારા ચુકવવામાં આવેલ વધારાની રકમના દિવસથી ગણતા

૧૨ % (બાર ટકા) ના વાર્ષીક સાદા વ્યાજ સહિત દિન ૪૫ (પીસ્તાલીસ) સુંધીમાં અમો લખીઆપનારે આવી વધારાની રકમ પરત ચુકવી આપવાની રહેશે. અને જો કારપેટ એરિયાના ક્ષેત્રફળમાં વધારો થયેલ હોય તો તેવા વધારાના ક્ષેત્રફળની રકમ લખાવીલેનારે સદરહુ યુનિટ અંગે મુળ નકકી કરેલ ભાવ પ્રમાણે ગણતરી કરી ચુકવણીના જે તે તબકકા દરમ્યાન લખીઆપનારને ચુકવવાની રહેશે.

(ડબલ્યુ) વધુમાં આ વેચાણ દસ્તાવેજથી સદરહુ મીલકત તમો લખાવીલેનારને વેચાણ આપી તમારા ખાલી અને પ્રત્યક્ષ કબજે માલીકી હકકે સોંપી છે વધુમાં આ મિલકતનો કબજો અમો લખાવીલેનારે જોઈ, તપાસી, ચેક કરીને બધાજ પ્રકારની ચકાસણી કર્યા બાદ જ લીધેલ છે. અને તેથી પઝેશન લીધા બાદ અમો લખીઆપનારની કોઈ જવાબદારી રહેશે નહી. તથા તમો લખાવીલેનારે આ બાબતે કોઈપણ જાતની વાંધા, તકરાર લેવાના નથી.

(૮) સદરહુ વેચાણ દસ્તાવેજ વાળી મીલકતનું પરિશષ્ટ......

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ–૧૨ (નિકોલ) ના હાલના વટવા તાલુકાના મોજે ગામ વસ્ત્રાલની સીમના રેવન્યુ સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ની અનુક્રમે ક્ષેત્રફળ, ૬૬૭૭, ૬૬૭૮ તથા ૬૬૭૭ સમચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. જમીન ટી.પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ સ.ચો.મી. બીનખેતીની જમીન ઉપર **"ઓમકાર એલીગન્સ"** એ નામની યોજનામાં આવેલ **બ્લોક નં, ... ના .... (પ્લાન મુજબ .... ફલોરનો) ફલેટ/દુકાન નં, ... ના .... ચો.મી. કારપેટ એરિયા .... ચો.મી. વોશ એરિયા તથા .... ચો.મી. બાલ્કની એરિયા મળી કુલ, ... ચો.મી. બીલ્ટપ એરિયાના ના બાંધકામ તથા સબ પ્લોટ નં, ૧ ની જમીનમાં બાંધકામના પ્રમાણમાં સ્કીમના રોડ–રસ્તા અને કોમન પ્લોટની વરાડે જમીનમાં વણ વહેંચાયેલ .... ચો.મી**. ના હકકો સહીતની મીલકત......

મજકુર સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ ચો.મી. જમીનના ખુંટ....

પુરવે	:–	ફા. પ્લોટ નં, ૧૪૯ ની જમીન
પશ્ચિમે	:–	૧૮ મીટરનો ટી. પી. રોડ.
ઉત્તરે	:–	ફા. પ્લોટ નં, ૬૬/૨ ની જમીન
દક્ષિણે	:–	સબ પ્લોટ નં, ૨ ની જમીન

સદરહુ ફલેટના ખુંટચારની વિગત...

પુરવે :–
પશ્ચિમે :–
ઉત્તરે :–
દક્ષિણે :–

(૯) એ રીતેના નંબરો માપ તથા વર્ણન વાળી મીલકત તેના અસલ હદ્દ હકકો મુજબની તથા સદરહુ યોજનામાં મુકવામાં આવેલા પાર્કીંગ, સીડી, પેસેજ, કોમન પ્લોટ, ગાર્ડન, ટેરેસ પાણીની ઓવરહેડ તથા અંડર ગ્રાઉન્ડ વોટર ટેંક, સિકયોરીટી, લીફટ વીગેરે સગવડતાઓના સહીયારા વાપર ઉપયોગ કરવાના હકક રાઈટ સહીત તથા વરાડે વહીવટી ખર્ચ આપવાની જવાબદારી સહીતની સદરહુ મીલકત અમો લખીઆપનારે તમો લખાવીલેનારને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી અઘાટ વેચાણ **રૂા,....................../– અંકે રૂપીયા .... પુરામાં** વેચાણ આપી તમારા ખાલી અને પ્રત્યક્ષ કબજે માલીકી હકકે સોંપી છે અને જેનો સ્થળ ઉપર શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો તમો લખાવીલેનારે તમારા કબજે સંભાળી લીધેલ છે.

(૧૦) આજરોજથી સદરહુ પરિશિષ્ટમાં વર્ણવેલી મીલકતના તમો લખાવીલેનાર સ્વતંત્ર માલીક અને ભોગવટેદાર થયેલા છો.

(૧૧) સદરહુ તમોને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરેલ મીલકત તમો લખાવીલેનાર તમારા નામે સરકારી અર્ધ–સરકારી તથા રેવન્યુ રેકર્ડમાં તથા ટોરેન્ટ પાવર ઈલે. કંપનીના રેકર્ડમાં તથા અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના રેકર્ડમાં માલીક કબજેદાર તરીકે ટ્રાન્સફર એસાઈન કરાવીલો. અને તે અંગે અમો લખીઆપનાર કે કન્ફરમીંગપાર્ટીની જયાં જયાં સહી, સાક્ષી, અરજી, જવાબ, કબુલાત વીગેરેની જરૂ પડે તે આપવા અમો આથી બંધાયેલા છીએ.

(૧૨) સદરહુ મીલકતનો સમાવેશ ગુજરાત સરકારશ્રીએ બહાર પાડેલ અશાંત વીસ્તારની યાદીમાં થતો ન હોઈ તે અન્વયે કોઈ અશાંત ધારાની પરમીશન કે મંજુરી લેવાની રહેતી નથી.

(૧૩) સદરહુ **''ઓમકાર એલીગન્સ''** નામની યોજનામાં તમો લખાવીલેનારે અમારી પાસેથી પરિશિષ્ટમાં વર્ણવેલી મીલકત અઘાટ વેચાણ **રૂા,................./– અંકે રૂપીયા ....**

પુરામાં તા,................ ના રોજ (એલોટમેન્ટની તારીખ) વેચાણ લેવાનું નકકી કરેલુ અને જે અંગેનો એક બાનાખતનો કરાર તા,.................... ના રોજ અનુક્રમ નં, ... થી અમદાવાદ–૧૨ (નીકોલ) ના મે. સબ. રજી. સાહેબની કચેરીમાં નોંધણી કરવામાં આવેલો અને જે બાનાખતની શરતો બંને પક્ષકારો ધ્વારા અનુસરવામાં આવેલી અને જે મુજબ બાકી રહેતા વેચાણ અવેજના નાણાં તમો લખાવીલેનાર મારફતે અમો લખીઆપનારને નીચેની વીગતે ચુકવવામાં આવેલા છે જેની વિગત...

ક્રમ	રકમરૂપીયા	ચેક નંબર	તારીખ	બેન્ક

કુલ,રૂા,................/– અંકે રૂપીયા .... પુરા –

એ રીતેના આ વેચાણ અવેજના **રૂરૂા,................./– અંકે રૂપીયા .... પુરા** ઉપર મુજબ તમો લખાવીલેનાર તરફથી અમોને ચુકવી આપેલા છે તેમજ હવે સદરહુ મીલકત બાબતે અમારે તમારી પાસેથી બીજી કોઈ રકમ કે અવેજ લેવાનો બાકી રહેતો નથી.

(૧૪) સદરહુ આ વેચાણ દસ્તાવેજ વાળી મીલકત અમો લખીઆપનારે આજ અગાઉ બીજા કોઈને કોઈપણ રીતે લખી આપીને કોઈપણ રીતના બોજામાં તેમજ જોખમમાં નાંખેલ નથી. તેમજ તેના ઉપર અમો લખીઆપનારે કોઈના જામીન થયેલા નથી. કે જામીનગીરીમાં મુકેલ નથી. તેમજ તેના ઉપર કોઈપણ કોર્ટ કચેરીના કોઈપણ જાતના લીટીગેશનો કે પ્રોસીડીંગ્સ ચાલતા નથી. કે પેન્ડીંગ નથી. તેમજ સદરહુ મીલકત ઉપર કોઈપણ જાતનો સોલવંશી સર્ટીફીકેટ કાઢી આપવામાં આવેલ નથી. કે સદરહુ મીલકત કોઈ તારણ કે જપ્તીમાં મુકવામાં આવેલ નથી. અને સદરહુ મીલકત કોઈને વેચાણ કરવી નહી તેવો કોઈ કોર્ટ કચેરી તરફથી કોઈપણ જાતનો મનાઈ હુકમ અમોને બજેલ નથી. કે નીકળેલ નથી. અને સદરહુ મીલકતના અમો લખીઆપનાર સિવાય બીજા કોઈ માલીક અને કબજેદાર નથી. તેમજ સદરહુ મીલકતના તમામ પ્રકારના રાઈટ ટાઈટલ્સ ચોકખા અને મારકેટેબલ છે તેમજ તેમાં કોઈપણ પ્રકારનું દબાણ આવેલ નથી તેવી તમામ બાબતનો પાકો વિશ્વાસ અને સંપૂર્ણ ભરોસો આપીને તે બાબતનો આ વેચાણ દસ્તાવેજ અમો લખીઆપનારે અમારી રાજીખુશીથી તમો લખાવીલેનારને આજરોજ કરી આપેલ છે. જે આપણ બંને પક્ષકારોને

સરવે રીતે કબુલ, મંજુર અને બંધનકર્તા સહી છે. અમદાવાદ.
અત્રે———————————————મતુ અત્રે——————————————શાખ.
<u>લખીઆપનારની સહી,</u>
''ઓમકાર ડેવલોપર્સ'' એ નામની ભાગીદારી પેઢી
વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર :–

———————————————

<u>સાક્ષીની સહી,</u>

(૧)———————————————

(૨)———————————————

મોજે ગામ વસ્ત્રાલની સીમના રેવન્યુ સર્વે નં, ૮૧૬/૧, ૮૧૬/૨, તથા ૮૧૬/૩ ની અનુક્રમે ક્ષેત્રફળ, ૬૬૭૭, ૬૬૭૮ તથા ૬૬૭૭ સમચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ, ૨૦૦૩૨ ચો.મી. જમીન કે જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં, ૧૧૪ (વસ્ત્રાલ–રામોલ) માં થતા ૮૭૮૭ ચો.મી. જમીન ટી.પી. કપાત બાદ જતા બાકી રહેતી ફા. પ્લોટ નં, ૫૫ ની ૧૧૨૪૫ ચો.મી. જમીન પૈકી સબ પ્લોટ નં, ૧ ની ૨૫૦૮ સ.ચો.મી. બીનખેતીની જમીન ઉપર **''ઓમકાર એલીગન્સ''** એ નામની યોજનામાં આવેલ **ફલેટ/દુકાન નં, ... ના બાંધકામ વાળી મીલકત કે જે** ગેલેક્ષી કોરલ બંગલોઝ સામે, દુન સ્કુલની પાસે, વસ્ત્રાલ, અમદાવાદ મુકમે આવેલી છે.

લખીઆપનારની સહી,
''ઓમકાર ડેવલોપર્સ'' એ નામની ભાગીદારી પેઢી
વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર :–

––––––––––––––––

લખાવીલેનારની સહી,

––––––––––––––––

રજીસ્ટ્રેશન અધિનિયમ કલમ ૩૨ (અ) મુજબનું પરીશીષ્ટ.

પક્ષકારનું નામ તથા સહી ફોટો અંગુઠાની છાપ.

લખીઆપનાર–સોસાયટીની સહી,

''ઓમકાર ડેવલોપર્સ'' એ નામની ભાગીદારી પેઢી
વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર :–

––––––––––––––

લખાવીલેનારની સહી,

––––––––––––––